**ફો.કે.નં.-૮૨૨૯/૨૦૧૪**

**આંક-૧ હેઠળ હુકમ**

આજરોજ નેશનલ લોક-અદાલતમા આપવામા આવેલ સુચનાઓ મુજબ અત્રેની કોર્ટમા પેન્ડીંગ પેટી કેસીસ તેમજ ડોરમન્ટ ફાઇલ પર મુકેલ કેસો વિગેરેના યોગ્ય નિકાલ માટે તથા ફો.કા.અ. ની કલમ ૨૫૮ હેઠળ ડેડવુડ કેસીસના સ્ટોપ પ્રોસીડીંગ્ઝ માટે તેમજ ફો.કા.અ.ની કલમ ૩૨૧ અન્વયે ફરીયાદપક્ષે કેસો પરત ખેંચવા તથા પ્લી બારગેઇનીંગથી કેસો નિકાલ કરવા માટે અત્રેની અદાલતની સ્પેશીયલ સીટીંગ રાખવામા આવેલ.

સદર કામનુ કેસ રેકર્ડ આજરોજ સ્પેશીયલ સીટીંગ દરમ્યાન હાથ પર લઇ વંચાણે લીધુ. સદર કામે આરોપી સામેનો ગુનો ધ્યાને લેતા આરોપી સામે જુગારધારા કલમ ૧૨ હેઠળના ગુનાનો આક્ષેપ છે તથા સદર ગુનો સમન્સ ટ્રાયેબલ ગુનો છે. તેમજ આરોપી સામે તા.૨૯/૧૦/૨૦૧૪ ના રોજ ચાર્જશીટ દાખલ થયેલ છે જેથી આરોપી સામેનો કેસ પોલીસ રીપોર્ટના આધારે દાખલ થયેલ છે તથા આ ચાર્જશીટ દાખલ થયા બાદ આરોપીને અદાલત સમક્ષ હાજર રાખવા સમન્સ/ વોરંટ કાઢવા છતા આરોપીને હાજર રાખવા છતા આરોપીને હાજર રાખવામા પોલીસ એજન્સી સદંતર નિષ્ફળ રહેલ છે. આજરોજ યોજાયેલ સ્પેશીયલ સીટીંગ ઓફ મેજીસ્ટ્રેટ સમક્ષ પણ આરોપીને હાજર રાખવામા આવેલ નથી. તદઉપરાંત આરોપીને હાજર ન રાખવા અંગે કોઇ યોગ્ય અને વ્યાજબી કારણ રજુ નથી. જેથી આરોપી સામેનો કેસ ઘણા સમયથી ચાલતો હોવા છતા આરોપીને હાજર રખાવી શકેલ ન હોય તથા નજીકના ભવિષ્યમા આરોપી મળી આવે તેવી શકયતા જણાતી ન હોય જેથી આવા અસામાન્ય તથા વિશિષ્ટ સંજોગોમા આરોપી વિરુધ્ધની ન્યાયીક કાર્યવાહી વિના વિલંબે આગળ ચલાવવી અત્યંત મુશ્કેલ અને અશકય જણાતુ હોય ફો.કા.અ. ની કલમ ૨૫૮ અન્વયે ન્યાયના વિશાળ હીતમા નીચે મુજબને હુકમ કરવામા આવે છે.

**હુકમ**

આથી ફો.કા.અ.ના કલમ ૨૫૮ અન્વયે આરોપી નં (૬) રજાકભાઇ સમસુદીનભાઇ અંબાણી સામેની કાર્યવાહી પડતી મુકી કાર્યવાહી બંધ કરવા હુકમ કરવામા આવે છે.

વધુમા આરોપી જયારે મળી આવે ત્યારે તેઓ સામેની ન્યાયીક કાર્યવાહી હાથ ધરવા ફરીયાદપક્ષને ફો.કા.અ.ની કલમ ૩૦૦ (૫) હેઠળ પરવાનગી આપવામા આવે છે.

આજરોજ તા.૧૩ મી, માહે જુલાઇ, સને ૨૦૧૯ ના રોજ સ્પેશીયલ સીટીંગ દરમ્યાન વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૧૩/૦૭/૨૦૧૯<br>
રાજકોટ

એમ.એ.મકરાણી<br>
પ્રીસાઇડીંગ ઓફીસર લોક-અદાલત<br>
૬ઠા અધિક સીનીયર સીવીલ જજ અને<br>
અધિક ચીફ જયુ. મેજી.<br>
રાજકોટ<br>
જીજે૦૧૦૦૭